



## મહેસાણામાં નિતિનભાઈ પટેલનો જન્મદિવસ સેવા પ્રવૃત્તિઓ દ્વારા ઉજવાયો

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે આજે તેમનો ૬૩મો જન્મ દિવસ પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ વિવિધ સેવાકીય પ્રવૃતિઓ થકી ઉજવ્યો હતો. તેઓ ઘણા વર્ષોથી તેમનો જન્મદિન સેવાકીય કામો દ્વારા જ ઉજવે છે. તેમાય ખાસ કરીને રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. મહેસાણા, કડી અને પાટણ ખાતે યોજાયેલ રકતદાન કેમ્પમાં ૨૦૮૬ રકતદાતાઓએ રકતદાન કરી માનવસેવાનું ઉમદા ઉદાહરણ પુરૂ પાડયું છે. આજે નાયબ મુખ્ય મંત્રીના વતન કડી ખાતે સરદાર પટેલ યુવક મંડળ દ્વારા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં ૯૩૬ રકતદાતાઓએ રકતદાન કર્યુ હતુ એજ રીતે મહેસાણા શહેરમાં ભારતીય જનતા પાર્ટી અને કેડાઈના સંયુકત ઉપક્રમે યોજાયેલ રકતદાન શિબિરમાં ૮૭૪ રકતદાતાઓએ તેમજ પાટણ શહેરમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજીત રકતદાન કેમ્પમાં ૨૭૬ રકતદાતાઓએ રકતદાન કર્યું હતુ. આમ કુલ-૨૦૮૬ જેટલી વ્યકિતઓએ નાયબ મુખ્યમંત્રીના જન્મદિન નિમીત્તે રકતદાન કરીને માનવ સેવાનું ઉમદા ઉદાહરણ પુરૂ પાડયુ છે.



સાબરકાંઠા પોશીના પંથકમાં ભારે ઉકળાટ બાદ કડાકા ભડાકા સાથે વરસાદ પડતા રાજસ્થાનના પડેલા વરસાદને પોશીનાની પનારી નદીમાં નવા નીર આવ્યા.

## મોડાસાના માઝુમ ડેમ પાસે બોલેરોને નીલગાય અથડાતા પરીવારનો બચાવ, ગાડીને નુકસાન

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લામાં નર્સરી વિસ્તારમાં લોખંડની તારના અભાવે દિન પ્રતિદિન નીલગાયથી વાહનોને થતા અકસ્માતો વધી રહ્યા છે. ત્યારે ગુરૂવારના રોજ સાંજે છ વાગ્યાના અરસામાં રાજસ્થાનનો એક પરીવાર મોડાસાથી ડુંગરપુર તરફ જઈ રહ્યો હતો ત્યારે માઝુમ ડેમ પાસેના નર્સરી વિસ્તારમાંથી અચાનક નીલગાય રોડ ઉપર આવી જતા મોડાસા તરફથી આવતી બોલેરોને ધડાકાભેર નીલગાય અથડાઈ હતી જેમાં ગાડીચાલકે સમય સુચકતા વાપરી બોલેરોને રોડ સાઈડમાં ઉભી રાખી દીધી હતી જેથી મોટી જાનહાની ટળી હતી. જેમાં બોલેરો ગાડીના ડ્રાઈવર સાઈડના અને આગળનો મુખ્ય કાચ તેમજ ગાડીને મોટુ નુકશાન થયુ હતુ જેમાં ગાડી ચાલકને હાથ ઉપર સામાન્ય ઈજાઓ પહોંચી હતી. નર્સરી વિસ્તારના માર્ગ ઉપર અવારનવાર અકસ્માતો થતા હોવાથી વનવિભાગ ધ્વારા તાકીદે લોખંડના તારની વાડ કરવામાં આવે તો થતા અકસ્માતો નિવારી શકાય તેવી લોકોમાં માંગ ઉઠી છે.

## પાલનપુરની લડબી નદીમાં બિલ્ડરોના દબાણ દૂર કરવા માંગ

### અસરગ્રસ્તો રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી ધસી આવ્યા

પાલનપુરની લોકમાતા લડબી નદીમાં દબાણો અંગેના અહેવાલ બાદ મીડિયા અને જાગૃત શહેરીજનો દ્વારા દબાણો દૂર કરવા માટે આંદોલન કરવામાં આવી રહ્યું મોટા દબાણો દુર કરવામાં ન આવતા રોષે ભરાયેલા અસરગ્રસ્તોએ રેલી યોજી હતી. જે રેલી કલેકટર કચેરી જઈ મોટા દબાણો દુર કરવા રજુઆત કરી મકાનોમાં ઘુસી જતુ હોવાથી ઘર વખરીને ભારે નુકસાન થાય છે.જેને લઈ સ્થાનિક રહીશો દ્વારા આ દબાણો દુર કરવા અગાઉ જિલ્લા કલેકટરને રજુઆત



છે. જેની જિલ્લા કલેકટર દ્વારા ગંભીર નોંધ લેવામાં આવી.છે. અને રૂબરૂ સર્વે કરી આ દબાણો દૂર કરવા આદેશ કરાયો છે. જોકે, નગરપાલિકા અને પ્રાંત કચેરી દ્વારા દબાણ હટાવવાની કામગીરી દરમિયાન નાના દબાણો હટાવવામાં આવી રહ્યા છે.અને હતી.

પાલનપુરમાંથી લડબી નદી પસાર થઈ રહી છે. પરંતુઆ લડબી નદીની બંન્ને બાજુએ દબાણ કરવામાં આવ્યા છે.જેના કારણે ચોમાસાની સિજનમાં લડબી નદીની બાજુમાં આવેલી સોસાયટીઓમાં વરસાદી પાણી કરવામાં આવી હતી. જે બાદ મીડિયાના મિત્રો તેમજ શહેરના જાગૃત અગ્રણીઓ દ્વારા આ મુદ્દે લડત આદરવામાં આવી છે. જેને લઈ જિલ્લા કલેકટર સંદીપ સાગલેના રૂબરૂ સર્વે અને આદેશ બાદ વહીવટી તંત્ર હરકતમાં આવી ગયુ છે.અને લડબી નદીના પાણીને અવરોધતા દબાણો દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જોકે, વહીવટી તંત્ર દ્વારા નાના દબાણો દુર કરવામાં આવ્યા છે. અને બિલ્ડરોના મોટા દબાણો દુર કરવામાં ન આવતા અસરગ્રસ્તો દ્વારા જિલ્લા પંચાયત નજીકથી રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી ખાતે આવી બિલ્ડરોના મોટા દબાણો દુર કરવા રજુઆત કરવામાં આવી હતી.

#### સમય લાગશે : કલેક્ટર

પાલનપુરની લડબી નદીને ખુલ્લી કરાવવાની જે માગણી હતી. એમાં તંત્રએ કામ કર્યું છે. રી સર્વે કર્યો છે. દબાણો પર માર્કિંગ કર્યું છે અને દબાણો તોડવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. પરંતુ જે પ્રકારે છેલ્લા વીસ વર્ષથી આ આ દબાણો થયા હતા એ દબાણોને સર્વે કરી અને તોડતાં સમય લાગશે પરંતુ દબાણો તૂટશે જરૂર અને લડબી નદીનો પટ્ટ ખુલ્લો કરાશે જોકે સ્થાનિક તંત્રના અધિકારીઓની મિલીભગત પણ હશે તો તો ઉચ્ચ કક્ષાએથી સર્વેયર બોલાઈ અને ફરીથી રી સર્વે કરાવી અને લડબી ના વહેણને ખુલ્લુ કરવામાં આવશે તેવી ખાત્રી જિલ્લા કલેક્ટર સંદીપ સાંગલેએ આપી હતી.

## અરવલ્લી જીલ્લામાં ટેકાના ભાવે

# ચણાની ખરીદી બાદ નાણા ચુકવવામાં સરકારની ઉદાસીનતા

### અરવલ્લી જીલ્લામાં કુલ ૨૧,૭,૩૭ કિવન્ટલ ચણાની ખરીદી થઇ : રૂપિયા ૮૮૦ના ટેકાના ભાવે કરાઈ

### ચણાની ખરીદી : ખરીદી મુજબ ૯ કરોડ ૬૫ લાખ ૧૨,૨૮૦ જેટલી રકમ ખેડૂતોને ચુકવવાની થાય છે

મોડાસા, તા.૨૨

ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે હેતુથી સરકારે ટેકાના ભાવથી ચણાની ખરીદી કરવાની કામગીરી હાથ ધરી હતી. ત્યારે અરવલ્લી જિલ્લામાં ખેડૂતોએ મહા મહેનતે પકવેલા ચણાનો પાક ટેકાના ભાવે વેચ્યો હતો. જોકે પોષણક્ષમ ભાવ લેવા જતા ખેડૂતોને રાતા પાણીએ રોવાની ફરજ પડી છે. કારણકે ટેકાના ભાવે વેચવા માટે ખેડૂતોએ અપાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો.

અરવલ્લી ખેડૂત સમાજ પ્રમુખ નીકુલ પટેલના જણાવ્યા મુજબ રાજ્ય સરકારે ટેકાના ભાવે ચણાની ખરીદી કરવાનું શરુ કર્યું છે, પરંતુ ખરીદી બાદ તેના નાંણા ચુકવવામાં સરકાર ઉદાસીન જોવા મળી રહી છે, જેને કારણે પોતાનો માલ વેચ્યા બાદ પણ પૈસા ન મળતા ખેડૂતો આર્થીક મુશ્કેલી ભોગવી રહ્યા છે. ત્યારે સરકાર પૈસા ન આપીને રીતસરનું ખેડૂતોનું શોષણ કરી રહી છે.

૧૮ એપ્રિલ ૨૦૧૮ના રોજથી સરકારે અરવલ્લી જીલ્લામાં ચણાની ખરીદી કરવાનું શરુ કર્યું હતું. અને ૨૧ જુન સુધી ખરીદી કરી હતી. પ્રતિ એક મણના રૂપિયા ૮૮૦ના ટેકાના ભાવથી ચણાની ખરીદી હાથ ધરવામાં આવી હતી. ૨૧ જુન ૨૦૧૮ સુધીમાં અરવલ્લી જીલ્લામાં કુલ ૨૨,૭,૩૭ કિવન્ટલ ચણાની ખરીદી કરવામાં આવી છે. જે મુજબ સરકારે ખેડૂતોને કુલ ૯,૬૫,૧૨,૨૮૦ રૂપિયા ચૂકવવાના થાય છે. પરંતુ હાલ ખરીદી પૂર્ણ થવા છતા પણ હજી સુધી સરકાર ખેડૂતોને વેચાણના એક પણ રૂપિયો સરકાર દ્વારા ચુકવવામાં આવ્યો નથી. આમ જોઈએ તો રૂપિયા લગભગ ૯ કરોડથી વધુની રકમ ખેડૂતોને ચુકવવાનું બાકી છે. આ પ્રકારે સરકારે ખરીદી તો કરી પરંતુ હવે તેનું ચુકવણું કરવામાં સરકાર વાયદા કરી રહી છે, જેથી ખેડૂતો છેતરાયા હોવાનો અહેસાસ કરી રહ્યા છે.

એક તરફ ખેડૂતોને પોતાના જ વેચેલા માલના નાંણા ન મળતા હવે ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. કારણકે સામાજિક પ્રસંગોમાં ખેડૂતો તકલીફ ભોગવી રહ્યા છે. તો વળી, ચોમાસું પણ આવી ગયું છે, ત્યારે ખેડૂતોને ખાતર, દવા તેમજ બિયારણ સહીત પાક ધિરાણ પણ ચૂકવી શકે તેવી સ્થિતિ રહી નથી, આમ પોતાના જ પૈસા પોતાને ન મળતા ખેડૂતો મુઝવણમાં મુકાયા છે.

સરકાર એક તરફ ખેડૂતોના હામી હોવાનો દાવો કરે છે, તો બીજી તરફ સરકાર પોતાના જ વેચેલા માલના પૈસા ચુકવવામાં ઉદાસીન છે, ત્યારે ખેડૂતો આખરે જાય તો જાય ક્યાં? તેથી જ ગુજરાત ખેડૂત સમાજ વતી અરવલ્લી જીલ્લા ખેડૂત સમાજના પ્રમુખ નિકુલ પટેલે મુખ્યમંત્રી, કૃષિમંત્રી, નાફેડના ચેરમેનને ખેડૂતોને પૈસા ચુકવવા લેખિતમાં પત્ર લખી જાણ કરી છે. અને નિકુલ પટેલે સરકાર તેમજ તેમના આળસુ અધિકારીઓને ચેતવણી આપે છે, કે તાત્કાલિક ખેડૂતોના નાંણાનું ચૂકવણું કરે નહિ તો ખેડૂતોને સાથે રાખીને આ મુદ્દે આંદોલન કરશે.



## ધાનેરા ખાતે કન્યા કેળવણી મહોત્સવ-શાળા પ્રવેશોત્સવ યોજાયો

ધાનેરા ભીલવાસ પ્રાથમિક શાળા અને એચ.કે. આકોલીયા વિવેકાનંદ વિધાલયમાં સિંચાઇ અને પાણી પુરવઠા રાજયમંત્રી પરબતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને શહેરી વિસ્તારનો કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે ધાનેરા વિવેકાનંદ વિધાલયમાં ધોરણ-૯ અને ૧૧માં ૧૨૪૮ વિધાર્થીઓ અને ભીલવાસ પ્રાથમિક શાળામાં ૪૦ બાળકોને મંત્રીના હસ્તે શાળામાં પ્રવેશ અપાવી ઉજ્જવળ અને સુખમય ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે શાળા પ્રવેશોત્સવ પ્રસંગે દરેક શાળામાં ઉત્સાહ અને હર્ષનો માહોલ સર્જાય છે. વાલીઓ પોતાનાં નાનાં બાળકોને હરખથી શાળામાં પ્રવેશ અપાવવા આવે છે. આવા આનંદભર્યા માહોલમાં મંત્રી પરબતભાઈ પટેલના હસ્તે બાળકોને મોં મીઠુ કરાવીને હર્ષભેર શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.




## પ્રાંતિજ શહેરમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

સમગ્ર રાજયમાં આરંભાયેલા બે-દિવસીય શહેરીકક્ષાના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના પ્રથમ દિવસે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેરની પ્રાથમિક શાળાના બાળકોનું નામાકંન અને શાળા પ્રવેશ ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન અસિત વોરાના હસ્તે કરવામાં હતું. આ પ્રસંગે ચેરમેન અસિત વોરાએ બાળકના ઘડતરમાં માતાનો જેટલો ફાળો તેટલો સવિશેષ ફાળો શિક્ષકનો છે શિક્ષકએ બાળકાના ચારિત્ર્ય ઘડતરનું કામ કરે છે જે સમાજના ભાવિને નિર્માણ કરવાની વિશેષ જવાબદારી અદા કરે છે. કાર્યક્રમ દરમિયાન શાળાના તેજસ્વી તારલાઓનુ ચેરમેનના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું જયારે ધોરણ-૯માં પ્રવેશ મેળવનાર બાળાઓને સાયકલનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## પાલનપુરમાં નકલી સોનું પધરાવવા આવેલી ઠગ ટોળકી ઝડપાઈ

### અસલી- નકલી સોનાની રૂ. ૯૦૦૦ની પાંદડીઓ કબ્જે લેવાઈ

પાલનપુર એરોમા સર્કલ નજીક ઠગ ટોળકી નકલી સોનુ પધરાવી રહી હોવાની બાતમી મળતાં પશ્ચિમ પોલીસે શુક્રવારે ઓચિંતો છાપો માર્યો હતો. પશ્ચિમ પોલીસ મથકના પીઆઈ આર. કે. સોલંકીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી. જી. રાજપૂત ગતરોજ સ્ટાફ સાથે એરોમા સર્કલ પાસે પેટ્રોલિંગમાં



જ્યાંથી એક મહિલા સહિત ત્રણ જણાને ઝડપી લેવામાં આવ્યા હતા. જેમની પાસેથી રૂપિયા ૯૦૦૦ની કિંમતની અસલી-નકલી સોનાની પાંદડીઓ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પાલનપુરમાં નકલી સોનુ પધરાવવા આવેલી એક મહિલા સહિત ત્રણ જણાને પોલીસે ઝડપી લીધા હતા. આ અંગેની વિગતો એવી છે કે, ઈન્ચાર્જ જિલ્લાપોલીસવડા બી. એ. ચાવડાની સૂચનાથી પાલનપુર હતા.

દરમિયાન બાતમીના આધારે નકલી સોનુ પધરાવવાની પેરવી કરી રહેલી એક મહિલા સહિત ત્રણ જણાને ઝડપી લીધા હતા. જેમની પાસેથી રૂપિયા ૮૫૦૦ની અસલી સોનાની પાંદડીઓ તેમજ રૂપિયા ૫૦૦ની પીળી ધાતુની નકલી પાંદડીઓ મળી કુલ રૂપિયા ૯૦૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ ત્રણેયની સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## મેલેરિયા મુક્ત ગુજરાત-૨૦૨૨ અંતર્ગત મેડીકલ કોલેજ હિંમતનગર ખાતે કાર્યશાળા યોજાઈ

હિંમતનગર, તા. ૨૨

મેલેરિયા મુકત ગુજરાત - ૨૦૨૨ અંતર્ગત જી.એમ.ઈ આર.એસ મેડીકલ કોલેજ હિમતનગર ખાતે મેલેરિયા વિરોધી માસ જુન- ૨૦૧૮ અને ડેન્ગ્યું વિરોધી માસ- જુલાઈ-૨૦૧૮ ઉજવવા તેમજ અન્ય અગત્યના આરોગ્ય કાર્યક્રમોની જાણકારી અને માર્ગદર્શન આપવા અર્થે જીલ્લાના તમામ વિવિધલક્ષી કાર્યકરોની એક દિવસીય કાર્યશાળા યોજાઈ.

આગામી ચોમાસાની ઋતુમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગો ના થાય અને તે માટે જનસામાન્યના આરોગ્ય સારું લેવાના વિવિધ પગલાઓ અંગે ગ્રામ્ય કક્ષાએ કાર્યરત આરોગ્ય કાર્યકરોને માર્ગદર્શિત કરવામાં આવેલ. ચોમાસાની ઋતુમાં ગામમાં પાણીનો ભરાવો, ખાડા-ખાબોચિયા ભરાવા, પાઈપલાઈન લીકેજિસ અંગે જાણકારી આપવી, મેલેરિયા-ડેન્ગ્યુંનાં શંકાસ્પદ કેસો જોવા- જાણવા મળે તો માહિતી આપવી વગેરે જેવી નાની પણ અગત્યની બાબતો અંગે જીલ્લામેલેરીયા અધિકારી બનેસિંહ રાઠોડ અને રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. અરુણસિંહ ભાટીએ સર્વેને માર્ગદર્શિત કરેલ.

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી મનીષ ફેન્સી અને આર.સી.એચ.ઓ. ડો. શ્રીમાળીએ આગામી માસમાં સરકાર દ્વારા નવ માસથી ૧૫ વર્ષ સુધીના તમામ બાળકોને આપવામાં આવનાર એમ.આર રસીકરણ કામગીરી, જન આરોગ્યના અગત્યના કાર્યક્રમો તેમજ નવતર યોજના અંગે માહિત આપી સર્વે આરોગ્ય કાર્યકરોને માર્ગદર્શિત કરવામાં આવેલ.

## કાંકરેજ તાલુકાના આંબલુન અને મોટા જામપુર રોડ ઉપર ઘાસની ગાડીમાં આગ લાગતાં અફરાતફરી

સરકારી ઘાસ ભરીને કાંકરેજ તાલુકાના થળી ગૌશાળામાં સુકુઘાસ ભરીને ખારીયા થઈ મોટાજામપુર જતી ટ્રકને મોટાજામપુર પાસે ઈલેક્ટ્રીક વિજ વાયરો અડકતા શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી. ગાડી માં ભરેલો ઘાસનો જથ્થો અને ટ્રક બળી ને ખાખ થઈ ગઈ હતી. ડ્રાયવર અને કંડક્ટર નો આબાદ બચાવ થયો હતો.

કાંકરેજ મામલતદાર સજ્જનસિંહ ચૌહાણ સર્કલ ઓફિસર બી .એસ .સોલંકી સહિત રેવન્યુ તલાટી અનૂપસિંહ સોલંકી ઘટના સ્થળ ઉપર જઈ તપાસ હાથ ધરી.થરા નગરપાલિકાના ફાયર ફાયટરને જાણ કરતાં ફાયર ફાયટર દ્વારા સતત ત્રણ વાર પાણીનો મારો ચલાવતાં આગ ઉપર કાબુ મેળવ્યો હતો.આગ કાબુમાં આવતાં તંત્રના અધિકારીઓએ હાશકારો અનુભવ્યો હતો.સરકાર દ્વારા સુકાઘાસની ગાંસડીઓ ભરી જુદી જુદી ગૌશાળામાં પહોંચાડવા જતાં ટ્રકમાં વિજ વાયરો અડકતાં આગ ફાટી નિકળી અને ગાડી સહિતના ઘાસનું નામો નિશાન મટી ગયુ.ગૌશાળા સંચાલકો અને તંત્રના અધિકારીઓ તેમજ થરા નગરપાલિકાના ફાયર ફાયટરની સરાહનીય કામગીરી.ગાડી સાથે ઘાસ બળીને ખાખ ગાડી માત્ર નામની દેખાય છે.પુરી ગાડી બળીને ખાખ થઈ ગયું હતું.

## કાંકરેજ તાલુકાના ચેખલા ગામના તળાવ ખોદકામમાં ગેરરીતી થઈ હોવાની રાવ

કાંકરેજ તાલુકાના ચેખલા ગામમાં તળાવ ખોદ કામમાં ભ્રષ્ટાચારના કરાયા આક્ષેપો સરપંચ અને કોન્ટ્રાકટર નું ષડયંત્ર માત્ર તળાવ ઊંડું કરવા નું નાટક ભજવ્યું.સામાન્ય ખોદ કામ કરી કોન્ટ્રાકટર રફુચક્કર થઈ ગયો.ખેડૂતોની આશા ઉપર પાણી ફેરવ્યું.સરકારના જળ સંચય અભિયાન ના કાંકરેજ તાલુકા મા લીરેલીરા ઊડ્યા ચાંગા ગામના તળાવ બાદ હવે ચેખલા ગામનું તળાવ નું ખોદ કામ બંધ થતાં ખેડૂતો માં રોષ જોવા મળ્યો.ચેખલા ગામના જાગ્રુત નાગરીક ઠાકોર કિર્તીજી પ્રહલાદજીએ તંત્ર અને સરપંચ સહીત કોન્ટ્રાકટ ઉપર લગાવ્યા ભ્રષ્ટાચારના આક્ષેપો.સુજલામ સુફલામ યોજના અંતર્ગત કાંકરેજ તાલુકાના પચીસ જેટલા ગામ તળાવો ઉંડા કરવાના હતા.એમાં સિંચાઈના અધિકારીઓની સીધી સંડોવણી બાર આવી લોકોના પ્રશ્નોના જવાબ આપવા તંત્રના અધિકારીઓ કરે છે ગલ્લાં તલ્લાં કાંકરેજ ખેડુતોના હાલ-બેહાલ કાંકરેજ તાલુકાના ગામોના તળાવો ઉંડા કરવાના સરકારના જળ સિંચાઈ અભિયાનના લીરે-લીરા ઉડાડતાં તંત્રના અધિકારીઓ અને કોન્ટ્રાકટરો આ તો જુઓ કાંકરેજ ખેડુતો સાથે વિશ્વાસઘાત કે કુણીએ ગોળ.હવે જોવુ એ રહ્યુ કે તંત્ર આની સામે ઝડપી પગલાં ભરી કાર્યવાહી કરે તેવી લોકોની માંગ છે..